# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref No. PN 2024-25/068 Dt. 24/08/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# SGCCI અને ઓરો યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે 'યુવાઓ માટે ડિજિટલ આંત્રપ્રિન્યોરશિપ' વિષય પર સેમિનાર યોજાયો

## પરિશ્રમ, સ્કિલ્સ મેળવવાના પ્રયાસો, કન્ટ્રોલ ઓવર માઈન્ડ્સ અને ડેડીકેશન એ આંત્રપ્રિન્યોરશિપના મુખ્ય ગુણો છે : શ્રી અવિ શર્મા

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ઓરો યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે ગુરૂવાર, તા. ૨૨ ઓગષ્ટ ૨૦૨૪ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ઓરો યુનિવર્સિટી ખાતે 'યુવાઓ માટે ડિજિટલ આંત્રપ્રિન્યોરશિપ' વિષય પર સેમિનાર યોજાયો હતો, જેમાં પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કારથી સન્માનિત અને વંડર બોય ઓફ ઈન્ડિયાથી ઓળખાતા શ્રી અવિ શર્માએ યુવાઓ તથા વિદ્યાર્થીઓને ડિજીટલ આંત્રપ્રિન્યોરશિપ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલાએ સેમિનારમાં સર્વેને આવકાર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ઝડપથી ડિજીટલી થતા વિશ્વમાં ઉદ્યોગ સાહસિકતા એ એક ચળવળ છે. યુવાનો માટે આ એક તક છે, ઈનોવેશન કરવાની, જોબ ક્રિએટ કરવાની અને ભવિષ્યને આકાર આપવાની. ૮૫૦ મિલિયન ઈન્ટરનેટ વપરાશકર્તાઓની સાથે ભારતના મોબાઈલ ફર્સ્ટ વેન્ચર્સ આગળ વધી રહ્યા છે. ભારતની ૬૫ ટકાથી વધુ વસ્તી

ટેક–સેવી યુવાનોની છે. બાયજુ, ઓયો રૂમ, ઝિરોધા વગેરે જેવા ઈનોવેટર્સે નાના ઉદ્યોગો શરૂ કર્યા, તેઓ વૈશ્વિક પ્લેટફોર્મ બન્યા અને ઉદ્યોગોમાં ક્રાંતિ લાવી. ઈ–કોમર્સ, ફિનટેક અને ડિજીટલ કન્ટેન્ટનો ઉદય યુવા સાહસિકો માટે તક પ્રદાન કરે છે. તેમણે કહ્યું હતું કે, ભારતનું ઈ–કોમર્સ માર્કેટ વર્ષ ૨૦૨૫ સુધીમાં ૧૮૮ બિલિયન યુએસ ડોલર સુધી પહોંચવાની દિશામાં છે. ભારતના સ્ટાર્ટ–અપ સાબિત કરી રહ્યા છે કે, ડિજિટલ ઉદ્યોગ સાહસિકતા એ દેશના વિકાસ માટે ચાવીરૂપ છે.

ઓરો યુનિવર્સિટીના રજિસ્ટ્રાર શ્રી અમરિશ મિશ્રાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, પ્રતિભાશાળી બાળકોની ઓળખ બાળપણથી જ થઈ જાય છે. બાળકોને શિક્ષણની સાથે નૈતિક મૂલ્યોનું પણ શિક્ષણ આપવું જોઈએ, જેથી આપણે એક સારા સમાજનું નિર્માણ કરી શકીએ.

શ્રી અવિ શર્માએ જણાવ્યું હતું કે, સૌથી પહેલા તમારે તમારા જીવનનો ઉદ્દેશ્ય શું છે? તે જાણવું જોઈએ. પેશનને પ્રોફેશનલ કેવી રીતે બનાવવું તે અંગે વિચારવું જોઈએ. ભગવાન શ્રીકૃષ્ણએ ભગવદ્ ગીતામાં અર્જૂનને સંબોધિત કરેલ ‘શ્રેયાન્સ્વધર્મો વિર્ગુણઃ પરધર્માત્સ્વનુષ્ઠિતાત, સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહ’ અનુસાર પોતાના કાર્ય (પેશનને) ધર્મ માનીને મહેનત કરવી જોઈએ. પેશનને પ્રોફેશન બનાવતી વખતે જીવનમાં આવતાં દરેક પડકારનો સામનો કરી, સફળતાની દિશામાં આગળ વધવું જોઈએ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સ્ટાર્ટ અપ શરૂ કર્યા બાદ તાત્કાલિક પરિણામની આશા રાખ્યા વિના અવિરત પ્રયાસ કરવાની જરૂર છે. પરિશ્રમ, સ્કિલ્સ મેળવવાના પ્રયાસો, કન્ટ્રોલ ઓવર માઈન્ડ્સ અને ડેડીકેશન એ આંત્રપ્રિન્યોરશિપના મુખ્ય ગુણો છે. જ્યારે આપણે પોતાના ઉદેશ્યની દિશામાં મહેનત સાથે પ્રયાસ કરીએ છીએ, ત્યારે જ સફળતા પ્રાપ્ત થાય છે.

હાલમાં નાનામાં નાના વેપારીઓ પણ ડિજીટલ વ્યવહાર કરી રહ્યા છે, ત્યારે ડિજીટલ આંત્રપ્રિન્યોરશિપની દિશામાં કાર્ય કરવાની જરૂર છે. જ્યારે યુવાઓને કોઈ ક્ષેત્રમાં પેશન સાથે કાર્ય કરવાની ઈચ્છા હોય ત્યારે વિશ્વમાં થતા વિવિધ પ્રકારના કોમ્પિન્ટેશનમાં ભાગ લઈ, પોતાના કૌશલ્યને વધુ વિકસાવવાનો પ્રયાસ કરવો જોઈએ. ડિજીટલ આંત્રપ્રિન્યોર બનવા માટે તમારા જ્ઞાન અને કૌશલ્યોનો ઉપયોગ કરી શકાય છે. ઓનલાઈન ક્લાસેસ, યુટ્યુબ પર વીડિયો બનાવી, ઓનલાઈન વિવિધ સંસ્થાઓ સાથે સંકળાઈને પોતાનું જ્ઞાન લોકો સુધી પહોંચાડી શકાય છે.

ઓરો યુનિવર્સિટીના માર્કેટિંગ વિભાગના આસિસ્ટન્ટ મેનેજર સુશ્રી દિક્ષીથા શેટ્ટીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરી વક્તાનો પરિચય આપ્યો હતો અને આભાર વિધી પણ કરી હતી. અંતે, શ્રી અવિ શર્માએ યુવાઓના વિવિધ પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા હતા અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.